રોકાણ | ગ્લોબલ ઈનવેસ્ટર સમિટમાં MOU કરાયા

# અમૂલ ડેરી યુપીના બાગપતમાં ₹800 કરોડનો પ્લાન્ટ સ્થાપશે

ભાસ્કર ન્યૂઝ | આણંદ

ઉત્તરપ્રદેશ સરકાર સ્થાનિક કક્ષાએ ઉદ્યોગો સ્થાપવા ગ્લોબલ ઈનવેસ્ટર સમિટ 2023નું આયોજન કર્યુ છે. ત્યારે આણંદ અમૂલ ડેરીએ ઉત્તરપ્રદેશ સરકાર સાથે રૂ.800 કરોડના એમઓયુ કરીને કરાર કર્યા છે. જે મુજબ યુપીના બાગપતમાં આધુનિક ડેરી પ્લાન્ટ નાંખવાનો નિર્ણય કર્યો છે. જેના થકી 4 હજાર જેટલા લોકોને રોજગારીની તકો ઉભી થશે.

પ્રાપ્ત વિગત મુજબ ગુજરાતના ઉદ્યોગોમાં ઉત્તરપ્રદેશના હજારો શ્રમિકો કામ કરી રહ્યાં છે, પરંતુ હવે ઉત્તરપ્રદેશ સરકાર સ્થાનિક કક્ષાએ ઉદ્યોગો સ્થાપવા ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ 2023નું આયોજન કર્યુ છે. યુપી સરકાર દ્વારા નવા ઉદ્યોગો સ્થાપવાની કવાયત હાથ ધરાઈ હોવાથી આણંદ અમૂલ ડેરીએ ઉત્તરપ્રદેશ સરકાર જોડે રૂ.800 કરોડના એમઓયુ કરીને કરાર કર્યા છે.

જે મુજબ યુપીના બાગપતમાં આધુનિક ડેરી પ્લાન્ટ નાંખવાનો નિર્ણય કર્યો છે. ડેરી પ્લાન્ટની કેપેસિટી 8 લાખ લીટર પ્રતિદીન હશે. જેનુ 14 લાખ લીટર પ્રતિદીન સુધી લઈ જવાશે. આ પ્લાન્ટ થકી 400 લોકો સુધીની રોજગારી મળશે. 4 હજાર જેટલા લોકોને પરોક્ષરીતે રોજગારીની તકો ઉભી થવા પામશે તેમ આણંદ જીસીએમએમએફના સુત્રોએ જણાવ્યું હતું.

## અમૂલ ડેરીનો વ્યાપ હવે 10 રાજ્યમાં વધ્યો



ગુજરાતના આણંદથી શરૂ થયેલી અમૂલ ડેરીના 13 પ્લાન્ટ તો ગુજરાતમાં છે અને ભારતમાં 9 રાજ્યોમાં પ્લાન્ટ છે. જેમાં મહારાષ્ટ્ર, કલકત્તા, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, આસામ, છત્તીસગઢ, જમ્મુ કાશ્મીર, દિલ્હી અને ઝારખંડનો સમાવેશ થાય છે. જ્યારે હવે ઉત્તર પ્રદેશમાં પણ અમૂલ ડેરી પોતાનો પ્લાન્ટ બનાવશે.